* N B I - 0 0 1 - 0 0 1 2 2 2 *

# NBI-001-001222

Seat No. ______

## B. A. (Sem. II) (CBCS) Examination

**March / April – 2017**

## Gujarati : Paper - IV

**(ગુજરાતી વ્યાકરણ, સર્જન, લેખન કૌશલ-૨)**

*(Core) (New Course)*

Time : $2\frac{1}{2}$ Hours] [Total Marks : **70**

**સૂચના :** (૧) કુલ પાંચ પ્રશ્નો છે.
(૨) દરેક પ્રશ્નના ગુણ સરખા છે.

૧ નીચે આપેલાં ગદ્યખંડનું વિવરણ કરો : ૧૪

''ખરી કેળવણી તો શાળા છોડ્યા પછી શરૂ થાય છે. જેણે તેની કિંમત જાણી છે તે તો સદાયને સારું વિદ્યાર્થી છે. પોતાનું કર્તવ્યપાલન કરતાં અને તેના કર્તવ્યપાલનને અર્થે, તેના જ્ઞાનમાં વૃદ્ધિ થવી જ જોઈએ.
કેળવણીની પ્રગતિમાં એક વસ્તુ રોકનારી થઈ પડી છે. શિક્ષક વિના શિક્ષણ લેવાય જ નહીં એ વહેમ સમાજની વૃદ્ધિને રૂંધી નાંખે છે. મનુષ્યનો ખરો શિક્ષક તે પોતે જ છે. આજકાલ શિક્ષણ પોતાની મેળે મેળવવાનાં સાધનો પુષ્કળ થઈ પડ્યાં છે. અનેક વસ્તુનું જ્ઞાન સહું ખંતથી મેળવી શકે છે, અને જ્યાં શિક્ષકની જરૂર પડે છે ત્યાં પોતે મેળવી લે છે. અનુભવ એ મોટામાં મોટી નિશાળ છે. અનેક ધંધા તો શાળામાં ન શિખાય, પણ તે ધંધાના કૌશલ દુકાન કે કારખાનામાં શિખાય છે. શાળાનું જ્ઞાન પોપટિયું હોય છે. એટલે મોટી ઉંમરે પહોંચેલાને સારું શાળાની જરૂર કરતાં ઈચ્છાની, ખંતની અને આત્મવિશ્વાસની જરૂર છે.''

**- ગાંધીજી**

**અથવા**

૧ નીચે આપેલા ગદ્યખંડનું વિવરણ કરો. ૧૪

''આપણને જે જરૂર છે તે બળની છે. તમે તમારી જાતમાં આત્મશ્રદ્ધા પ્રગટાવો. આપણે આત્મશ્રદ્ધા ખોઈ બેઠાં છીએ અને તેથી જ ગુપ્તવિદ્યા, રહસ્યવિદ્યા અને છાનીછાની બાબતો આપણામાં ઘૂસતી આવે છે. તેમાં કદાચ સત્ય હશે, પણ એ બધી વિદ્યાઓએ આપણને નિર્માલ્ય બનાવી દીધા છે. તમારા જ્ઞાનતંતુઓને મજબૂત બનાવો. આજે આપણને જરૂર છે લોખંડી સ્નાયુઓની અને પોલાદી જ્ઞાનતંતુઓની. ઘણાં કાળ સુધી આપણે રોતલ રહ્યાં છીએ. હવે રોવાનું છોડી દઈને તમે તમારા પગ ઉપર ખડા થાઓ અને મર્દ બનો. મર્દ બનાવનારા ધર્મની આપણને જરૂર છે. મર્દ બનાવનારા સિદ્ધાંતની આપણને જરૂર છે. અને સાચનું પારખું આ છે : જે કાંઈ તમને શારીરિક રીતે, બૌદ્ધિક રીતે અને આધ્યાત્મિક રીતે દુર્બળબનાવે એને ઝેર ગણીને છોડી દો. સત્ય એટલે શક્તિ, સત્ય એટલે પવિત્રતા, સત્ય એટલે સર્વજ્ઞતા. સત્ય તો માણસને બળદાયક નીવડવું જોઈએ.''

**- સ્વામી વિવેકાનંદ**

૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. ૧૪

''માનવને વધારે સંસ્કારી, વધારે સુંદર, વધારે શક્તિશાળી બનાવવા માટે ધર્મ છે. એટલે જ્યાં ધર્મ પાળવા માનવને અન્યાય થતો હોય ત્યાં ધર્મને સાધનરૂપ માની પુનર્યોજના કરવી ઘટે. સઘળા ધર્મો માનવધર્મ શીખવા માટે છે. માનવ પ્રત્યે તિરસ્કાર ઉત્પન્ન કરાવે, જુદાઈ શિખવાડે, માનવને હલકો ગણતાં શિખવાડે, એ સઘળી વાતો ધર્મની ન હોઈ શકે. મનુષ્ય ધર્મ પાળે છે તે પોતાની જાતને ઊંચી ઠરાવવા માટે નહીં, ખરેખર ઊંચી બનાવવા માટે. અને એવી શ્રેષ્ઠ મનોદશા પ્રાપ્ત કરવા માટે એનો જે ધ્યેયમંત્ર હોઈ શકે તે આટલો જ હોય : 'હું માનવ છું માનવધર્મ સમજું અને માનવ માટે જીવું.' કારણ કે સઘળા ધર્મો મહાન છે. પણ માનવધર્મ એથી પણ મહાન છે. જેમ સાચી મહત્તા સાદી હોય છે એમ આ માનવધર્મ પણ સાદો છે.''

**- ધૂમકેતુ**

**અથવા**

૨ નીચે આપેલા ગદ્યખંડનું સંક્ષેપીકરણ કરો. ૧૪

''તમને ઠીક લાગે તો નાસ્તિક બનો, પણ વિચાર કર્યા વિના કોઈ વસ્તુ માની ન લો. આત્માને પશુની કક્ષાએ નીચો શા માટે ઉતારવો ? આથી તમે તમારી જાતને જ નહીં પરંતુ સમાજને પણ નુકસાન પહોંચાડી શકો છો. જાગો અને અંધશ્રદ્ધા રાખ્યા સિવાય બુદ્ધિપૂર્વક વિચાર કરો. ધર્મ એ માન્યતાનો નહીં પણ થવાનો અને અનુભવવાનો વિષય છે. આ ધર્મ છે અને તમે જ્યારે તેને પામો ત્યારે જ ધર્મ લાધ્યો ગણાય. તે પહેલાં તમે પશુઓથી જરાય ઊંચા નથી. મહાન બુદ્ધ કહે છે : 'તમે જે સાંભળ્યું હોય એમાં શ્રદ્ધા ન રાખો, કોઈ વિધાનો પેઢીઓથી ચાલ્યા આવ્યા છે. માટે તેમાં ન માનો. તમે જે સત્યોથી ટેવાઈ ગયા હો તો પણ ન માનો, તમારા વડીલો અને ગુરુઓનો આદેશ છે માટે પણ ન માનો. પણ તમારી જાત વિશે વિચાર કરો.''

**- સ્વામી વિવેકાનંદ**

૩ નીચેના વાક્યોમાં યોગ્ય વિરામચિહ્નો મૂકી ફરીથી લખો : ૧૪

(૧) તમે મારી વાત સાંભળો છો કે

(૨) તમારે આવું કામ કરાય

(૩) ગિરનાર જાણે કે પ્રકૃતિનું રૂપ

(૪) મા એ મા

(૫) ના, એ નોટબુક તમારી છે

(૬) શું તેઓ ગયા

(૭) તું કેટલો લેવાઈ ગયો છે ઓળખાતોય નથી.

**અથવા**

૩ ગુજરાતી ભાષાના વિવિધ વિરામચિહ્નોને ઉદાહરણ સહિત સમજાવો. ૧૪

૪ નીચે આપેલી કહેવતોના અર્થ આપો : ૧૪

(૧) પહેલું સુખ તે જાતે નર્યા.

(૨) સંપ ત્યાં જંપ.

(૩) વાણી ને પાણી ચોખ્ખા સારા.

(૪) ગરીબની વહુને સહું ભાભી કહે.

(૫) કાગડા બધે જ કાળા.

(૬) અણીનો ચૂક્યો સો વરસ જીવે.

(૭) નાણાં વગરનો નાથિયો ને નાણે નાથાલાલ.

**અથવા**

૪ સમાસ રચના એટલે શું ? સમજાવો. ૧૪

૫ નીચેના ચારમાંથી કોઈ બેના જવાબ આપો : ૧૪

(૧) દ્વન્દ્વ સમાસના સાત ઉદાહરણો આપો.

(૨) કર્મધારય સમાસના સાત ઉદાહરણો આપો.

(૩) બહુવ્રીહિ સમાસના સાત ઉદાહરણો આપો.

(૪) તમારી સમજણમાં હોય એવી સાત કહેવતો અર્થ સહિત લખો.

---